eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 249
December 03, 2010

## આગામી પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૧ ની ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી માટે મા.પ્રભારી મંત્રીશ્રી મંગુભાઈ પટેલની અધ્યક્ષતામાં અને મા.પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેરના તમામ ક્ષેત્રના આગેવાનોની મીટીંગનું આયોજન



આગામી પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૧ ની રાજય કક્ષાની ઉજવણી સુરત શહેર અને જીલ્લામાં થનાર હોય, જેના આયોજન અને પૂર્વ તૈયારી માટે તા.૨૯/૧૧/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકા ખાતે મા.પ્રભારી મંત્રીશ્રી મંગુભાઈ પટેલની અધ્યક્ષતામાં અને મા.પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેરના તમામ ક્ષેત્રના આગેવાનોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે તા.૨૯/૧૧/૨૦૧૦ ના રોજ પ્રાચીન સમયની દુર્લભ પાઘ–પાઘડી અને સાફા તથા ભારતીય ઉત્સવોની શોભારૂપ પરંપરાગત રંગોળી કલાના પ્રદર્શનનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અને સાયન્સ સેન્ટર શરૂ થયાને એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે વર્તમાન સમયમાં ધીરે ધીરે લુપ્ત થઈ રહેલ પ્રાચીન સમયની દુર્લભ પાઘ–પાઘડી અને સાફા તથા ભારતીય ઉત્સવોની શોભારૂપ પરંપરાગત રંગોળી કલાના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ACCCRN ના નેજા હેઠળ સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેનટ ઓથોરીટી (GSDMA) ધ્વારા વિશ્વ સ્તરે પર્યાવરણમાં થઈ રહેલ બદલાવને કારણે આવતી આવી આપત્તિઓનો સામનો કરવાના ધ્યેય સાથે શહેરી વિસ્તારોનો આયોજનબધ્ધ વિકાસ કરવા તેમજ નબળા વર્ગના લોકલના આવાસો બનાવવાના વિકલ્પો મેળવવા એક રાષ્ટ્રીય કક્ષાની પ્લાનીંગ અને ડિઝાઈન પ્રતિયોગીતાનું આયોજન

વિશ્વ પર્યાવરણ સજાગતા તથા ગ્લોબલ વોર્મિંગ નિવારણ અર્થે વિશ્વ સ્તરે પ્રયાસો થઈ રહેલ છે. આ કાર્યમાં ભારત સરકાર તથા ગુજરાત ખુબ જ મહત્વની ભુમિકા ભજવી રહેલ છે. અમેરિકા સ્થિત રોક ફેલર ફાઉન્ડેશન ધ્વારા કાર્યરત થયેલ "એશીયન સીટીઝ કલાઈમેટ ચેઈન્જ રેઝીલીયન્સ નેટવર્ક" (ACCCRN) ધ્વારા એશીયા ખંડના દશ શહેરોને પર્યાવરણના બદલાવને લગતા અભ્યાસ અર્થે પસંદ કરાયેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ નિર્મળ ગુજરાત" થીમ આધારિત કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન મળે તેમજ લોકજાગૃતિ કેળવાય એ હેતુસરનું પ્રદર્શન

"સ્વર્ણિમ નિર્મળ ગુજરાત" થીમ આધારિત કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉર્જા બચત અંગે સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમયાન બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન મળે તેમજ લોકજાગૃતિ કેળવાય એ હેતુસરનું પ્રદર્શન નીચે મુજબના દિવસોએ કરવામાં આવનાર છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પશ્ચિમઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન (રાંદેર) વિસ્તારમાં મોરાભાગળ પાસે આવેલ સુભાષ ગાર્ડનની સામે, જોગીવાડ તરીકે ઓળખાતી ઝુંપડપટ્ટી (વસાહત) તથા તેને લાગુ આવેલ ધોબી તળાવ વસાહતનો કેટલોગ ભાગ ૪૫.૭૨ મીટર ના રાંદેરના મુખ્ય માર્ગ હેઠળ આવી જતો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## આગામી પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૧ ની ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી માટે મા.પ્રભારી મંત્રીશ્રી મંગુભાઈ પટેલની અધ્યક્ષતામાં અને મા.પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેરના તમામ ક્ષેત્રના આગેવાનોની મીટીંગનું આયોજન

આગામી પ્રજાસત્તાક દિન : ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૧ ની રાજય કક્ષાની ઉજવણી સુરત શહેર અને જીલ્લામાં થનાર હોય, જેના આયોજન અને પૂર્વ તૈયારી માટે તા.૨૯/૧૧/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકા ખાતે મા.પ્રભારી મંત્રીશ્રી મંગુભાઈ પટેલની અધ્યક્ષતામાં અને મા.પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલની ઉપસ્થિતિમાં શહેરના તમામ ક્ષેત્રના આગેવાનોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

મીટીંગની શરૂઆતમાં મ્યુ.કમિશ્નરશ્રીએ તા.૨૫ થી ૨૬ મી જાન્યુઆરી દરમ્યાન યોજવામાં આવનાર વિવિધ કાર્યક્રમો કે જેમાં નગરજનો મોટી સંખ્યામાં સહભાગી બને તથા પ્રજાલક્ષી વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તથા ઉદઘાટન, સાંસ્કૃતિક કાર્યક્રમો, ફ્રી મેડિકલ ચેક અપ કેમ્પ, રકતદાન શિબિર, સફાઈ અભિયાન, ટ્રાફિકના નિયમોની જાણકારી અને અમલવારી માટે અભિયાન, રોશની વિગેરે બાબતોની સવિસ્તાર વિગત આપી હતી.





પ્રભારી મંત્રી માન.શ્રી મંગુભાઈ પટેલે ગુજરાત સરકાર ધ્વારા હાલમાં યોજવામાં આવેલ "વાંચે ગુજરાત" ના કાર્યક્રમ કે જેમાં સમગ્ર રાજયમાં એક જ દિવસે, એક જ સમયે ૫૦ લાખથી વધુ વ્યકિતઓએ સઘન વાંચન કર્યુ હતું તથા હાલમાં તા.૨૨/૧૧/૨૦૧૦ થી તા.૧૫/૧૨/૨૦૧૦ દરમ્યાન યોજાનાર "સ્વર્ણિમ ખેલ મહાકુંભ –૨૦૧૦" ના આયોજન કે જેમાં અંદાજે સમગ્ર રાજયમાંથી ૧૫ લાખથી વધુ સ્પર્ધકો ભાગ લેનાર છે તેનો ઉલ્લેખ કરી આગામી ૨૬ મી જાન્યુઆરીની ઉજવણી પણ આજ કક્ષાએ સફળ રીતે થાય અને તેમાં ૧ લાખથી પણ વધુ નગરજનો હાજર રહે તે મુજબના આયોજન કરવા અનુરોધ કર્યો હતો. મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે શહેર અને જીલ્લાના તમામ ગામડાઓ આ ઉજવણીમાં સહભાગી થાય તે માટે નવા કામો/પ્રકલ્પો વિગેરેને નાણાકીંય તથા તકનીકી મંજુરી તાકીદે આપી, અપાવી સંબધિત વિભાગ આ બાબતે સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરે તે મુજબનું આયોજન કરવા જણાવ્યું હતું. તથા આ પ્રસંગે થનાર રોશની અને સફાઈ અભિયાનમાં વધુમાં વધુ લોકો જોડાઈ તે મુજબ આયોજન કરવા જણાવ્યું હતું.

**Continue …**

કલેકટરશ્રીએ ૪૫ થી વધુ મંત્રી કક્ષાના તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે યોજાનાર ખાતમુહૂર્ત અને લોકાર્પણના વિવિધ કાર્યક્રમોની, ચેમ્બર્સ ઓફ કોમર્સ અને તેની સાથે સંકળાયેલ ૯૦ થી વધુ ફેડરેશનના સહકારમાં રોશની, સફાઈ, ટ્રાફિક નિયમોની જાણકારી, સમયદાન હેઠળ ટ્રી પ્લાન્ટેશન, ફ્રી મેડિકલ ચેક અપ કેમ્પ, રકતદાનશિબિરો, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા સમાજના તમામ વર્ગને સાંકળી લેતા કાર્યક્રમોના આયોજનની વિગત આપી હતી.

સદર મીટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી અજય ભટ્ટાચાર્ય, ટ્રાફિક નિયમ સેલના અને અગ્રવાલ સમાજના અગ્રણી શ્રી જે.પી. અગ્રવાલ, મ્યુ.સ્કુલ બોર્ડના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર, જાણીતા ઉદ્યોગપતિ શ્રી રોહિતભાઈ મહેતા, શ્રી મથુરભાઈ સવાણી, શ્રી સેવંતીભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી, લુથરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિશ્રી નિખિલભાઈ મદ્રાસી, ચેમ્બરના માજી પ્રમુખશ્રી નિલેશભાઈ માંડલેવાલા, ચલથાણ સુગર ફેકટરીના પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, સાર્વજનિક એજયુકેશન સોસાયટીના પ્રમુખશ્રી રજનીકાંતભાઈ મારફતીયા, મેડીકલ એસોસિયેશનના પ્રતિનિધિ ડો.નિર્મલ ચોરારીયા, યુનિવર્સીટીના એનએસએસ વિભાગના પ્રતિનિધિશ્રી, સુરત પીપલ્સ બેંકના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ ગાંધી તથા અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહી ૨૬ જાન્યુઆરી,૨૦૧૧ની ઉજવણીને સફળ બનાવવા પોતાની સંસ્થાઓ કેવી રીતે સહભાગી બને શકે તેની વિગતો આપી હતી.

મ્યુ.કમિશ્નરશ્રીએ આ સમગ્ર આયોજન માટે સરકારી સંસ્થાના અધિકારી અને જે તે સંસ્થાના સંદર્ભિત પ્રતિનિધિને સાંકળી લાઈટીંગ, હેરીટેજ વિઝન, મેરેથોન વોક, પ્રભાત યાત્રા, ટેબ્લોઝ, રકતદાન તથા ફ્રી મેડિકલ ચેક અપ કેમ્પ, એનએસએસના વિદ્યાર્થીઓને સાંકળી વિવિધ કાર્યક્રમો, સમયદાન હેઠળ ટ્રી પ્લાનેટેશન વિગેરે બાબતે કમિટીઓની રચના કરી તથા આ કમિટીઓ પણ અંદરોઅંદર સંકલન કરી આયોજનને ભવ્ય સફળતા અપાવે તે મુજબ અનુરોધ કર્યો.

જીલ્લા વિકાસ અધિકારી શ્રી જે.બી.વોરાએ ગ્રામ્ય વિસ્તારોમાં માંડવી તથા માંગરોલમાં યોજવામાં આવેલ ડીપ ઈરીગેશનનું આયોજન, ગામડાઓમાં સફાઈ અભિયાન માટે એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓના સહકારમાં થનાર આયોજન, ગ્રામ્ય વિસ્તારમાં પુસ્તક પ્રત્યે અભિરૂચિ કેળવાય તે હેતુસર ૫૦૦ ગ્રંથ મંદિરો ઉભા કરવાનું આયોજન, બાળકોને બ્લડ ગ્રુપ તપાસી તથા વિકલાંગ બાળકોને સર્ટીફિકેટ આપવા તથા બંધારણના સ્વીકાર હેઠળની વ્યકિતની ફરજથી વાકેફ કરવા, બેટી બચાવો જેવા કાર્યક્રમોમાં ગામની મહિલાઓ, બાળકો, ખેડૂતો સહભાગી થાય તેવા આયોજનની વિગતો આપી.

અંતમા કલેકટરશ્રીએ જીલ્લા કક્ષાએ લેન્ડ રેવન્યુ રેકર્ડના કોમ્પ્યુટરાઈઝેશનના આયોજન હેઠળ૭–૧૨ અને ૮–અ ની નકલો અને તેનો રેકર્ડ પ્રજા જનોને ઉપલબ્ધ થાય તે મુજબના આયોજન હેઠળની વિગત આપી. તથા સર્વે ઉપસ્થિત તમામ પદાધિકારશ્રીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓનો આભાર માન્યો.

આ મીટીંગમાં મા.મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલ, મા.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા.શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશ્નર કુ. એસ.અર્પણા, કલેકટરશ્રી એ.જે.શાહ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી જે.બી.વોરા, વિવિધ સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ વિગેરે મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે તા.૨૯/૧૧/૨૦૧૦ ના રોજ પ્રાચીન સમયની દુર્લભ પાઘ–પાઘડી અને સાફા તથા ભારતીય ઉત્સવોની શોભારૂપ પરંપરાગત રંગોળી કલાના પ્રદર્શનનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અને સાયન્સ સેન્ટર શરૂ થયાને એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે વર્તમાન સમયમાં ધીરે ધીરે લુપ્ત થઈ રહેલ પ્રાચીન સમયની દુર્લભ પાઘ–પાઘડી અને સાફા તથા ભારતીય ઉત્સવોની શોભારૂપ પરંપરાગત રંગોળી કલાના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સાથોસાથ સુરત મહાનગરપાલિકા પ્રકાશિત પ્રકાશનો, હસ્તકળાના નમૂનાઓ, વિજ્ઞાન વિષયક કિટસ વિગેરે વેચાણ અર્થે સાયન્સ સેન્ટર ખાતે સોવેનીયર શોપ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રદર્શનો તથા સોવેનીયર શોપનું ઉદઘાટન આજરોજ તા.૨૯/૧૧/૨૦૧૦ ના રોજ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના શુભહસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મા.અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી મંજુલાબેન સાવલીયા, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મોટી સંખ્યામાં મ્યુ.સભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા શહેરી જનતા ઉપસ્થિત રહેલ હતી.





પાઘ–પાઘડી એ દેશ અને સંસ્કૃતિના ગૌરવનું પ્રતિક છે, અને આ પાઘડીએ ૩૦૦૦ વર્ષ જૂની પરંપરા છે. આ પ્રદર્શનમાં વડોદરાના શ્રી અવંતિલાલ પી. ચાવલા ધ્વારા તૈયાર કરવામાં આવેલ ૧૮૫ ઉપરાંત પાઘ–પાઘડીઓ તથા સાફા પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેમાં ભારતના વિવિધ પ્રાંત, પ્રદેશ, રાજા મહારાજાઓની પાઘડી,મહાજનો, ખેડૂતો, ભીલ, રબારી, વણિક વેપારી જેવી વિવિધ પ્રકારની પાઘડીઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે, ઉપરાંત શહેરના ૨૨ જેટલા પારંગત કલાકારો ધ્વારા ખુબ જ નયનરમ્ય રંગોળી કરવામાં આવેલ છે, જેમાં આપણાં દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સુરતના સપૂત અને પ્રખર સમાજ સુધારક વીર કવિ નર્મદ, ગુજરાત રાજયના મા.મુખ્ય મંત્રીશ્રીની લાક્ષણિક અદા પ્રદર્શિત કરતી અને દેશના મા.વડાપ્રધાનશ્રી તથા અમેરિકાના રાષ્ટ્રપિતશ્રીની સંયુકત રંગોળી ખુબ જ મનમોહક અને આબેહુબ કરવામાં આવેલ છે. સાથોસાથ ફુલોની રંગોળી, અનાજ કઠોળની રંગોળી, લાકડાના વેરની રંગોળી, મીઠાની રંગોળી, થર્મોકોલની રંગોળી, રંગબેરંગી લાઈટની રંગોળી જેવી અનેકવિધ સુંદર રંગોળીઓ કરવામાં આવેલ છે. સાયન્સ સેન્ટર ખાતે મુલાકાતીઓ અને નાગરીકોની સગવડતા હેતુ વિષયવસ્તુ અનુરૂપ વિજ્ઞાન વિષયક કિટસ, સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રકાશિત પ્રકાશનો, હસ્તકળાના નમૂનાઓ વિગેરેના વેચાણ અર્થે સોવેનીયર શોપ તૈયાર કરવામાં આવેલ છે.

આ પ્રદર્શનો જાહેર જનતા તા.૨૯/૧૧/૨૦૧૦ થી તા.૮/૧૨/૨૦૧૦ સુધી સવારે ૧૦.૦૦ કલાક થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી નિહાળી શકશે તેમજ સોવેનીયર શોપનો લાભ મુલાકાતીઓ અને જાહેર જનતાને દરરોજ સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦ કલાક સુભી મળી શકશે.

TOP

## ACCCRN ના નેજા હેઠળ સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેનટ ઓથોરીટી (GSDMA) ધ્વારા વિશ્વ સ્તરે પર્યાવરણમાં થઈ રહેલ બદલાવને કારણે આવતી આવી આપત્તિઓનો સામનો કરવાના ધ્યેય સાથે શહેરી વિસ્તારોનો આયોજનબધ્ધ વિકાસ કરવા તેમજ નબળા વર્ગના લોકલના આવાસો બનાવવાના વિકલ્પો મેળવવા એક રાષ્ટ્રીય કક્ષાની પ્લાનીંગ અને ડિઝાઈન પ્રતિયોગીતાનું આયોજન

વિશ્વ પર્યાવરણ સજાગતા તથા ગ્લોબલ વોર્મિંગ નિવારણ અર્થે વિશ્વ સ્તરે પ્રયાસો થઈ રહેલ છે. આ કાર્યમાં ભારત સરકાર તથા ગુજરાત ખુબ જ મહત્વની ભુમિકા ભજવી રહેલ છે. અમેરિકા સ્થિત રોક ફેલર ફાઉન્ડેશન ધ્વારા કાર્યરત થયેલ "એશીયન સીટીઝ કલાઈમેટ ચેઈન્જ રેઝીલીયન્સ નેટવર્ક" (ACCCRN) ધ્વારા એશીયા ખંડના દશ શહેરોને પર્યાવરણના બદલાવને લગતા અભ્યાસ અર્થે પસંદ કરાયેલ છે. જે પૈકી ભારત દેશના પસંદ કરાયેલ ત્રણ શહેરોમાં સુરત શહેરનો સમાવેશ થયેલ.

ACCCRN ના નેજા હેઠળ પર્યાવરણ જાળવણી અંગે સજાગતા કેળવવા ઘણા પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. સુરત શહેર નદી તથા દરિયા કિનારે વસેલ શહેર છે તેમજ સમયાંતરે નદી અને ખાડી પુરનો સામનો કરી ચુકેલ છે. ACCCRN ના નેજા હેઠળ સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેનટ ઓથોરીટી (GSDMA) ધ્વારા વિશ્વ સ્તરે પર્યાવરણમાં થઈ રહેલ બદલાવને કારણે આવતી આવી આપત્તિઓનો સામનો કરવાના ધ્યેય સાથે શહેરી વિસ્તારોનો આયોજનબધ્ધ વિકાસ કરવા તેમજ નબળા વર્ગના લોકલના આવાસો બનાવવાના વિકલ્પો મેળવવા એક રાષ્ટ્રીય કક્ષાની પ્લાનીંગ અને ડિઝાઈન પ્રતિયોગીતાનું આયોજન હાથ ધરવામાં આવેલ. આ સ્પર્ધામાં સહ આયોજક તરીકે શહેરની જાણીતી સંસ્થાઓ SVNIT, SGCCI, TARU તેમજ CREDIA એ સહયોગ આપેલ. આ પ્રતીયોગીતા બે થીમ હેઠળ આયોજીત કરવામાં આવેલ.

થીમ–૧: પુર સંભવિત વિસ્તારોમાં નબળા વર્ગના લોકોના આવાસો

થીમ–ર: પુર સંભવિત વિસ્તારોમાં શહરી આયોજન

આ પ્રતિયોગીતાને રાષ્ટ્રીય સ્તરેથી ખુબ સારો પ્રતિસાદ મળેલ. દેશના અલગ અલગ વિસ્તારોના તજજ્ઞો ધ્વારા પોતાની દરખાસ્તો પાઠવવામાં આવેલ. આ પ્રતિયોગીતાનો એવોર્ડ સમારંભ તા. ર૭/૧૧/ર૦૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના સાયન્સ સેન્ટરના ઓડીટોરીયમમાં આયોજીત કરવામાં આવેલ. સમારંભના મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના પુર્વ સચિવશ્રી અનીલ બૈજલ તથા અતિથિ વિશેષ તરીકે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GSDMA) ના મુખ્ય કારોબારી અધિકારીશ્રી રણજીત બેનરજી હાજર રહેલ. આ સમારંભનું પ્રમુખપદ માન. મેયરશ્રી રણજીત ગિલીટવાલા એ શોભાવેલ.

સમારંભમાં મ્યુ.કમિશ્નરશ્રીએ પ્રતિયોગીતાની ઉપયોગીતા અને રૂપરેખા વિશે જાણકારી આપેલ. આ પ્રતિયોગીતાની બંને થીમ માટે અલગ અલગ જયુરીઓએ શ્રેષ્ઠ એન્ટ્રીના નામો એવોર્ડ માટે જાહેર કરેલ. થીમ–૧ માટે મુંબઈના શ્રી અલ્કેશ દત્તા તથા શ્રી દિપક સોહાનેને સેકન્ડ પ્રાઈઝ આપવામાં આવેલ તેમજ બેંગ્લોરના શ્રી મોહન રાવને થીમ–ર માટે વિજેતા જાહેર કરવામાં આવેલ.

સમારંભમાં ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GSDMA) ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ કુદરતી આપત્તિઓનો સામનો કરવા સજ્જતા કેળવવા પર ભાર આપેલ તેમજ (GSDMA) ના સહકારની ખાતરી આપેલ. ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના પુર્વ સચિવશ્રી અનીલ બૈજલે દેશના વિવિધ શહેરોમાં થઈ રહેલ નગર નિયોજનની ભુમિકા અંગે માર્ગદર્શન આપેલ. માન. મેયરશ્રીએ સુરત શહેરને પુર પ્રત્યે વધુ સજાગ થવા પર ભાર આપી આવી પ્રવૃત્તિ દેશના અન્ય શહેરો માટે ઉદાહરણરૂપ હોવાનું જણાવેલ. સમારંભના અંતે TARU ના શ્રી નાબાકિશોરે આમંત્રિતો તથા ઉપસ્થિતોની આભારવિધિ કરેલ.

**TOP**

## "સ્વર્ણિમ નિર્મળ ગુજરાત" થીમ આધારિત કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન મળે તેમજ લોકજાગૃતિ કેળવાય એ હેતુસરનું પ્રદર્શન

"સ્વર્ણિમ નિર્મળ ગુજરાત" થીમ આધારિત કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉર્જા બચત અંગે સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમયાન બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન મળે તેમજ લોકજાગૃતિ કેળવાય એ હેતુસરનું પ્રદર્શન નીચે મુજબના દિવસોએ કરવામાં આવનાર છે.

| અ.નં. | ઝોન | તારીખ |
|---|---|---|
| 1 | અઠવા | 24/12/2010 |
| 2 | ઉધના | 25/12/2010 |
| 3 | લિંબાયત | 26/12/2010 |
| 4 | વરાછા | 27/12/2010 |
| 5 | કતારગામ | 28/12/2010 |
| 6 | સેન્ટ્રલ | 29/12/2010 |
| 7 | રાંદેર | 30/12/2010 |
| 8 | સાયન્સ સેન્ટર | 31/12/2010 |

આ પ્રદર્શનમાં ભાગ લેવા ઈચ્છુક બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોના ઉત્પાદકો/ વિક્રેતાઓએ તેઓનું નામ તથા તેમના તરફથી પ્રદર્શનમાં સમાવેશ કરવામાં આવનાર ઉપકરણોની બ્રાન્ડ તથા વિગતો સહિતની માહિતી તા. ૦૮/૧૨/૨૦૧૦ સુધીમાં કાર્યપાલક ઈજનેર, હેડ વોટર વર્કસ, સુરત મહાનગરપાલિકા, રૂ.નં.–૬૫, ૬૯,મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩ને જમા કરાવવી. ઉપકરણોનો પ્રકાર તથા ઈચ્છુક ઉત્પાદકો/વિક્રેતાઓની સંખ્યા અનુસાર પસંદગી કરી કયા સ્થળે અને તારીખે જે તે ઉત્પાદકો /વિક્રેતાઓએ પ્રદર્શન રજુ કરવાનું રહેશે તે જણાવવામાં આવશે.

TOP

## પશ્ચિમઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન (રાંદેર) વિસ્તારમાં મોરાભાગળ પાસે આવેલ સુભાષ ગાર્ડનની સામે, જોગીવાડ તરીકે ઓળખાતી ઝુંપડપટ્ટી (વસાહત) તથા તેને લાગુ આવેલ ધોબી તળાવ વસાહતનો કેટલોગ ભાગ ૪૫.૭૨ મીટર ના રાંદેરના મુખ્ય માર્ગ હેઠળ આવી જતો હતો. સદરહુ વસાહતમાં વસતા રહીશોને અત્રેની કચેરીએથી શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ ફોર્મ ભરાવીને તેઓને કોસાડ ખાતે આવાસ ફાળવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. આજરોજ રાંદેર ઝોનના શહેર વિકાસ તથા દબાણ સ્ટાફ ધ્વારા સદરહુ રહીશોને કોસાડ ખાતે સ્થળાંતર કરવાની કામગીરી હાથ ધરી કુલ–૯૨ ઝુંપડાઓ અને ત્રણ તબેલા દુર કરી રસ્તા પૈકીના આશરે ૫૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરી તેનો કબ્જો લેવામાં આવેલ છે. રાંદેર મુખ્ય માર્ગ પૈકીના તેમજ બોટાવાલા હોસ્ટેલ પૈકીની જમીનમાંથી પસાર થતા ૧૮.૨૮ મીટરના રસ્તાને નડતરરૂપ ઝુંપડાઓ પણ આ સાથે જ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. બોટાવાલા હોસ્ટેલ મોરાભાગળ પૈકીની જમીનમાંથી પસાર થતા ૧૮.૨૮ મીટરના રસ્તા ઉપર વરસાદી ગટરની પાઈપ લાઈન નાંખવાની કામગીરી પુરી કરવામાં આવેલ હોય, ટુંક સમયમાં જ આ રસ્તાને મેટલ ગ્રાઉટીંગનો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી રાંદેર રોડ થી હનુમાન ટેકરી તરફ જવાનો વધુ એક ટુંકો રતો જાહેર જનતા માટે ઉપલબ્ધ થશે.

ઉપરોકત કામગીરી મા.ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલાની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન(રાંદેર) ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP